૨૦૨૨માં ગુજરાત બનશે ૧૦૦% નલ સે જલ

ગાંધીનગર, તા.૯

કેન્દ્ર સરકારના જલ જીવન મિશન દ્વારા ગુજરાતના ઘરોમાં નલ સે જલ અભિયાનને નવી ગતિ મળી છે. ગુજરાતના ૪ જિલ્લાઓને ગયા મહિને એક જ સમયે ૧૦૦% નલ સે જલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા અને આ રીતે કુલ મળીને ગુજરાતના ૧૧ જિલ્લાઓને ૧૦૦% નલ સે જલ જાહેર કરવામાં આવ્યા છે. જો સમગ્ર ગુજરાતની વાત કરીએ તો અત્યાર સુધીમાં રાજ્યના ૯૧ ટકાથી વધુ ગ્રામીણ પરિવારોમાં ફંક્શનલ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન સ્થાપિત કરવામાં આવ્યા છે.

હાલના રીપોર્ટના આંકડા મુજબ ગુજરાત દેશના એવા રાજ્યોમાંનું એક છે જે ઝડપથી નળ દ્વારા ઘરે-ઘરે પાણી પહોચાડવાના કાર્યનું અમલીકરણ કરી રહ્યું છે. વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં સુધીમાં ગુજરાતના દરેક ઘરને નળમાંથી પાણી મળી રહે તેવું ગુજરાત સરકારનું લક્ષ્ય છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૪ સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરોમાં નળથી પીવાનું પાણી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું હતું. પરંતુ ગુજરાત સરકારે લક્ષ્ય નક્કી કર્યું છે કે વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં સફળતાપૂર્વક થઇ રહેલી કામગીરી પ્રમાણે સમગ્ર ગુજરાતને ૧૦૦% નલ સે જલ તરીકે જાહેર કરાશે.

આ ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે કેટલાક જિલ્લાઓમાં દર મહિને ૧૦૦% નલ સે જલ જાહેર કરવાની યોજના બનાવી છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨ના વાર્ષિક એક્શન પ્લાનમાં એવું પણ જણાવ્યું છે કે તેઓ વર્ષ ૨૦૨૨માં ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૧૦ લાખ નળ કનેક્શન આપશે.

ગુજરાતના ૧૧ જિલ્લાઓમાં ૧૦૦% નલ સે જલ

અત્યાર સુધીમાં ગુજરાતના ૧૧ જિલ્લાઓને ૧૦૦% નલ સે જલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બોટાદ, આણંદ, મહેસાણા, ગાંધીનગર, પોરબંદર, વડોદરા, પાટણ, ગીર-સોમનાથ, જૂનાગઢ, મોરબી અને ડાંગ જિલ્લાઓનો સમાવેશ થાય છે અને આ જિલ્લાઓમાં કુલ ૧૦૪ તાલુકાઓ અને ૧૩,૧૭૮ ગામોને આવરી લેવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારો ૧૦૦%(ફંક્શનલ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન) ઉઉઁઝ કવરેજ સાથે જાહેર કરવામાં આવ્યા છે. તેમાંથી ગીર-સોમનાથ, જૂનાગઢ, મોરબી અને ડાંગ જિલ્લાઓને ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના પ્રજાસત્તાક દિને ૧૦૦% નલ સે જલ જિલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

> ‘કેન્દ્ર સરકારનો ’નલ સે જલ’નો ટાર્ગેટ ૨૦૨૪ સુધીનો હતો, પરંતુ મને તમને જણાવતા ગર્વ થાય છે કે અમે લક્ષ્યાંક નક્કી કર્યો છે કે આ વર્ષના અંત સુધીમાં એટલે કે ૨૦૨૨માં જ ગુજરાતને ૧૦૦% નલ સે જલ તરીકે જાહેર કરવામાં આવે.’’
>
> **- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, ગુજરાત**

નલ સે જલના પ્રોજેક્ટને મળી ઝડપી મંજૂરી

વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્ય સરકારે રૂ. ૧૮૪૨ કરોડના ખર્ચના ૧૧૮ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી, જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્ય સરકારે રૂ. ૪૫૭૬ કરોડના ખર્ચના ૧૫૬ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. અને વર્તમાન નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે રૂ.૪૬૩૦ કરોડના ખર્ચના ૯૦ પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જ્યારે જલ જીવન મિશનની જાહેરાત કરવામાં આવી ત્યારે ગુજરાતમાં માત્ર ૬૫ લાખ ૧૬ હજાર ઘરોમાં જ પીવાનું પાણી ઉપલબ્ધ હતું. હાલના સમયની વાત કરીએ તો ૩૦ મહિનામાં ૧૮ લાખ ૬૬ હજારથી વધુ નવા કનેક્શન આપવામાં આવ્યા છે. ગુજરાતના ૧૮ હજાર ૧૯૧ ગામોમાંથી ૧૪ હજાર ૪૩ ગામોમાં હવે કોઈ મહિલા કે બાળકોએ પાણી લેવા માટે ઘરની બહાર જવું પડતું નથી.

પીવાનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય

પાણી પુરવઠા વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આગામી ૩૦ વર્ષની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગ્રામ્ય સ્તરની યોજનાઓના તમામ ઘટકોનો યોગ્ય ઉપયોગ કરી રહી છે. રાજ્યમાં વિવિધ પ્રકારના કામો, મેઈન્ટેનન્સની પ્રવૃતિઓ અને એસેટ હેલ્થનું નિરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે. પાણી સલામત અને પીવાલાયક છે તેની ખાતરી કરવા માટે સમગ્ર ગુજરાતમાં ૮૦ પ્રયોગશાળાઓ સ્થાપવામાં આવી છે જેમાંથી ૪૦ને NABL માન્યતા પ્રાપ્ત છે.

ગુજરાતના છેવાડાના ગામોને મળ્યું પીવાનું શુધ્ધ પાણી

ફોટોઃ કચ્છના શીણાય ગામ પાણીની ટાંકીની એક તસ્વીર

આઝાદી મળ્યા બાદ પણ ગુજરાતમાં ઘરે ઘરે પાણી પહોંચાડવામાં મુશ્કેલી હતી. કચ્છના અબડાસા તાલુકાના કનકપુર ગામની મહિલાઓ આઝાદી મળ્યાના અનેક દાયકાઓ પછી પણ પાણીના સુખને પામવા સંઘર્ષ કરતી હતી. આજે કનકપુર ગામથી દૂર કનકાવતી નદીના કિનારે બોર બનાવીને ગામમાં પાણી લાવવામાં આવ્યા છે. ગામમાં પાણીના સંગ્રહ માટે ગામમાં ૫૦,૦૦૦ લિટર ક્ષમતાની ઉંચી ટાંકી બનાવવામાં આવી છે. ઘરે ઘરે પાણી પહોંચાડવા ૫ કિમીની પાઈપલાઈન નાખવામાં આવી છે. અપુરતા પાણી, ક્ષારયુક્ત અને અનિયમિત પાણીની તકલીફો દૂર કરી નિયમિત અને શુદ્ધ પીવાનું પાણી પુરૂ પાડ્યું છે.

> ‘‘અમારા ગામની અંદર પહેલા પાણીના મેળવવા માટે ઘણા પડકારો હતા. પહેલા પીવાના પાણી માટે માથે બેડલા લઈ તળાવમાં જવું પડતું હતું એજ તળાવમાં પશુઓ પણ પાણી પીતા હતા અને લોકો કપડાં પણ ધોતા હતા. જ્યારે દુષ્કાળ પડતો ત્યારે પાણીની બહું સમસ્યા હતી ગામમાં પીવા માટે, ગામમાં પીવા માટે બહારથી ટેંકર મંગાવતા હતા. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ વાસ્મો ટીમએ આ ગામની અંદર સાથ અને સહકારથી બાજુની નદીમાં બોરવેલ કરીને ગામમાં ઉંચી ટાંકીની સગવડ કરી જેનાથી પીવાલાયક પુરતું પાણી મળ્યું. હર ઘર નલ સે જલ થકી દરેક હવે ગામમાં દરેક ઘરને પાણી મળી રહે છે.’’
>
> **- ચંદ્રિકાબેન રંગાણી, સરપંચ, કનકપુર ગામ**

જો બીજી તરફ વાત કરીએ તો, દરિયાથી માત્ર ૫ કિમીના અંતરે આવેલા કચ્છના શીણાય ગામમાં પાણીની સમસ્યા મોટા પ્રમાણમાં જોવા મળતી હતી. તળમાં પાણી ખુબ ખરાબ પાણી હોવાના લીધે ગામના લોકોને દૂર-દૂરથી પીવાનું પાણી ભરીને લાવવું પડતું હતું અને પાણીની તંગી હતી. આ સમસ્યાના ઉકેલ માટે શીણાય ગામમાં પાણી સમિતિની રચના કરવામાં આવી. ગ્રામજનોના સહયોગ અને વાસ્મો ટીમના મારફતે આશરે ૨૫૦૦થી વધુની વસ્તી ધરાવતા શીણાય ગામની વર્ષો જુની પાણીની સમસ્યા સરકારે દૂર કરી અને ગામથી ૯ કિ.મી દૂર બોર બનાવીને ઘરે-ઘરે પાણી પહોંચાડ્યું.

‘‘કચ્છમાં આવેલા શીણાય ગામમાં લગભગ આજથી ૩૦ કે ૩૫ વર્ષ પહેલા ગામની દરેક બહેનો અને મેં પણ અનુભવ કર્યો છે કે અમે લગભગ એક કિ.મી કે દોઢ કિ.મીના અંતરે બેડા લઈ પાણી ભરવા જતા હતાં. સવારે લગભગ ૪થી ૫ વાગે ઉઠીને જે એમને આટલે દૂર જઈને પાણી માટે તકલીફ વેઠવી પડતી હતી એ હવે ઘણું જ સારુ છે. અને ઘરે પાણી આવવાથી બહેનો આર્થિક રીતે પગભર થઈ છે. પહેલા જે પાણી ભરવા માટે કેટલાય કલાકોનો સમય બગડતો હતો તે સમયનો ઘરકામ, બાળકોના અભ્યાસમાં અને રોજગારીના કામોમાં ઉપયોગ કરી મહિલાઓ આર્થિક રીતે પગભર બની રહી છે.’’

-ઉષાબેન, પાણી સમિતિના સદસ્ય

ડીસાના ગ્રામીણ મામલતદારનો આખરે સપાટો

જુનાડીસા-વાસણા રોડ ઉપરથી રેતી ભરેલા બે ડમ્પર ઝડપી પાડ્યા : ડમ્પર માલિકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી

ડીસા, તા. ૯

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી બનાસ નદીના પટમાંથી રોયલ્ટી ભર્યા વગર બેફામપણે રેતી ભરેલી ગાડીઓ ભરી રેતી માફીયાઓ સરકારની તિજોરીને નુકશાન પહોંચાડી રહ્યા છે ત્યારે ખાસ કરીને ડીસા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી રેતી માફીયાઓ બેફામ બનતાં ગ્રામિણ વિસ્તારોના લોકોમાં ભારે આકોશ જોવા મળી રહ્યો છે થોડા દિવસ અગાઉ ડીસા તાલુકાના વાસણા ગામજનો અને સદરપુર ગ્રામજનો દ્વારા રેતી ભરેલી ગાડીઓ અટકાવીને ઉગ્ર વિરોધ કરાયો હતો અને ખાણ ખનીજ વિભાગ અને ગ્રામિણ મામલતદાર સામે ભારે આકોશ વ્યક્ત કરાયો હતો ત્યારે ઘટના સ્થળે તાલુકા પોલીસ પહોંચી મામલો થાળે પાડી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.જે સંદર્ભે મંગળવારે ગ્રામીણ મામલતદાર દ્વારા જુના ડીસા -વાસણા રોડ પર રેતી ભરેલ બે ડમ્પર ઝડપી પાડી તાલુકા પોલીસને સોંપવામાં આવ્યા હતા. જેથી ડીસા તાલુકા પોલીસ દ્વારા ખાણ ખનીજ વિભાગને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે જન્મ દિવસે જ મૃત્યુ બાદ દેહદાન કરવાનો નિર્ણય કર્યો

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા બારોટ નટુભાઈ રામજીભાઈ એ પોતાના જન્મ દિવસેજ મૃત્યુ બાદ દેહદાન કરવાનો નિર્ણય લઈ દેહદાન માટે સંકલ્પ પત્ર ફોર્મ ભર્યું. પ્રાંતિજ ખાતે રહેતા બારોટ નટુભાઈ રામજીભાઈ એ પોતાના જન્મ દિવસેજ દેહદાન કરવાના માટે સંકલ્પ પત્ર ફોર્મ ભર્યુ હતુ અને પોતાના મૃત્યુબાદ મૃતદેહ ને રૂઢિગત અંતિમ સંસ્કાર કરીને પંચ મહાભૂતમા ભેળવી દેવાને બદલે તબીબી શ્રેત્રે અભ્યાસ કરાવતી મેડીકલ-એલોપથી, આયુર્વેદિક , હોમિયોપેથીક કે અન્ય કોલેજ મા શિક્ષણ લેતા વિધાર્થીઓના લાભાર્થે તેમજ આરોગ્ય અને તબીબી શ્રેત્રે સંશોધનનાર્થે ઉપયોગ મા આવે તેવો શુભ હેતુસર વાપરવા માટે મોકલી આપવા પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગ્રુપ ના જાયન્ટસ પ્રમુખ ડૉ.કેયુરભાઈપ્રજાપતિ , સ્પે.કમિટીમેમ્બરડૉ.એન.કે.ડેરીયા ,મહંતસુનિલદાસજીમહારાજ ,જાયન્ટસ મંત્રી હાર્દિકબ્રહ્મભટ્ટ , ખજાનચી પિયુષભાઈ શાહ સહિત જાયન્ટસ ગ્રુપ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા જયારે બારોટ નટુભાઈ રામજીભાઈ દ્વારા સંકલ્પપત્ર ફોર્મભર્યુ હતુ ત્યારે પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિર ના મહંત સ્વામી પ્રાણ જીવનદાન ના હસ્તે દેહદાતા ને સર્ટીફિકેટ આપીને અભિવાદન કરવામા આવ્યુ હતુ તો સમાજ અને અન્ય સમાજ માટે પ્રેરણા રૂપ છે તેમ કહીએ તો નવાઈ નહી

જન્મદિને વધામણી

નિલેશભાઈ જોશી
મોડાસા

અશોકભાઈ પરમાર
પત્રકાર
મોડાસા જિલ્લો અરવલ્લી

મિલન પટેલ
વ્રજભૂમિ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ભિલોડા તાલુકા બી.ટી.પી ઉપ પ્રમુખે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીને લેખિતમાં પત્ર પાઠવ્યો

ભિલોડા,તા.૦૮

અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતી વર્ગના વિધાર્થીઓને સ્કોલરશીપ માટે આવક મર્યાદા ૨.૫૦ લાખથી વધારીને ૮ લાખ સુધી મંજૂરીનીની મહોર સંદર્ભે ભિલોડા તાલુકા બી.ટી.પી ઉપ પ્રમુખ પરાગ એમ.ભગોરાએ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિતમાં પત્ર પાઠવ્યો છે.લેખિત પત્રમાં જણાવ્યું હતું કે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને સ્કોલરશીપનો લાભ લેવા માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ૨.૫૦ લાખની છે.સામાન્ય કુટુંબના મોટા ભાગના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મુશ્કેલીઓનો ભોગ બને છે.ક્રિમિલિયર સર્ટિફિકેટ માટે ઓ.બી.સી કેટેગરીના વિધાર્થીઓની આવક મર્યાદા ૮ લાખ છે.છેલ્લા દસેક વર્ષમાં મળેલા પગાર પંચના કારણે ચોથા વર્ગના કર્મચારીઓના પગારની વાર્ષિક આવક મર્યાદા ૨.૫૦ લાખ કરતાં પણ વધી જાય છે જેના કારણે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના અસંખ્ય વિધાર્થીઓ ૨.૫૦ લાખની આવક મર્યાદાના કારણે શૈક્ષણિક શિષ્યવૃતિના લાભોથી વંચિત રહી જાય છે. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઉચ્ચ ટકાવારી લાવવા છતાં પણ આવક મર્યાદાના કારણે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં શિષ્યવૃતિનો લાભ નહિ મળવાના કારણે ઉચ્ચ અભ્યાસથી વંચિત રહી જાય છે તેમજ અધ વચ્ચે થી અભ્યાસ છોડવા મજબુર થવુ પડે છે. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ મળે તે માટે આવક મર્યાદા ૨.૫૦ લાખથી વધારીને ૮ લાખ સુધી કરવી જોઈએ લેખિત પત્રમાં મુખ્ય મંત્રીને સંબોધીને અનુરોધ કર્યો હતો.

પાલનપુર ખાતે કોંગ્રેસે ચાર મુદ્દાને લઈ કલેકટરને આવેદન પાઠવ્યું

કોરોના મૃતકોને ચાર લાખનું વળતર ચૂકવવાની માંગ કરાઈઃ કોરોના કાળમાં થયેલા ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસની માંગ કરી

પાલનપુર તા. ૯

કોરોના કાળમાં મરણ પામેલ મૃતકોને વળતર ચુકવવા, કોરોના મૃતક સરકારી કર્મચારીના સંતાનો ને વારસાઈમાં નોકરી આપવા, કોરોનાની સારવાર પાછળના મોટો ખર્ચનું વળતર આપવા અને કોરોના કાળમાં થયેલા ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસ કરવાની માંગને લઈ પાલનપુર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં તેમની માંગણીઓ નહિ સંતોષાય તો વિધાનસભાનો ઘેરાવો કરવાની ચીમકી આપવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગુજરાત રાજ્યમાં કોરોનાને લઈ ત્રણ લાખ જેટલાં લોકોના મરણ થયા હતા જેમાં સરકાર દ્વારા કોરોના મૃતકો ને માત્ર ૫૦ હજાર ની સહાય જાહેર કરતા અને કોરોના મૃતકોના આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો સાથે રાજ્ય ભરમાં સોમવારે દરેક જિલ્લા મથકો ખાતે આવેદનપત્ર પાઠવવા આવ્યા હતા જેમાં કોરોના મૃતકોને ચાર લાખ નું વળતર ચૂકવવું, કોરોનામાં મરણ પામેલ સરકારી કર્મચારી ઓના સંતાનો ને વારસાઈ નો લાભ આપી નોકરી આપવી,જે કોરોના સંક્રમિત દર્દી ઓને સારવાર પાછળ લાખો નો ખર્ચ કરવો પડ્યો છે તેમને વળતર ચૂકવવા અને કોરોન કાળ માં રેમડેસિવર ઈન્જેકશન ના કાળા બજાર અને ભ્રષ્ટાચાર ની ન્યાયિક તપાસ કરવાની માંગ કરાઈ હતી જેમાં તેમની માંગ સંતોષવા માં નહિ આવે તો ગાંધીનગર ખાતે વિધાનસભા નો ઘેરાવો કરવા જરૂર પડે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવવા અને જનતાની અદાલતમાં જકાએની ચીમકી ઉચારવા માં આવી હતી.

ધી ગુજરાત સ્ટેટ કો ઓપ. ગ્રેઈન ગોઅર્સ ફેડરેશન લી. (ગુજરાત રાજ્ય)ના ડિરેક્ટર તરીકે પંકજભાઈ પટેલ વરણી કરાઈ

મેઘરજ તા.૯

સાબરકાંઠા બેંકના મેનેજીંગ ડિરેક્ટર (એમ. ડી.), મોડાસા એપીએમસી ના ડિરેક્ટર, મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન,મોડાસા સહકારી જીનના ચેરમેન તથા પૂર્વ સરપંચ અને સહકારી અગ્રણી પંકજભાઈ પટેલ (મુન્સીવાડા)ની ધી ગુજરાત સ્ટેટ કો - ઓપ. ગ્રેઈન ગોઅર્સ ફેડરેશન લી.(ગુજરાત રાજ્ય) ની અમદાવાદ ખાતે યોજાયેલ ચૂંટણી માં ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ વરણી થઈ હતી.પંકજભાઈ પટેલની બિનહરીફ વરણી થતાં અરવલ્લી જિલ્લા ના રાજકીય અને સહકારી અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.મિલનસાર સ્વભાવ ધરાવતા પંકજભાઈ પટેલની નિમણુંકને આવકારી જિલ્લાના આગેવાનોએ શુભેચ્છાઓનો ધોધ વરસાવ્યો હતો.

ભરતીમાં ઓ.બી.સી.વર્ગની બાદબાકી કરવાનું કારસ્તાન

ઉત્તર ગુજરાતના ઓ.બી.સી. વર્ગના ઉમેદવારોને વિદ્યા સહાયકની ભરતીમાં અન્યાય : ૫૦૯ બદલે માત્ર ૧૮૧ બેઠક અનામત

બાયડ, તા. ૯

વિદ્યા સહાયકની ભરતીમાં ઉત્તર ગુજરાતના ઓ.બી.સી. વર્ગના ઉમેદવારોને હળાહળ અન્યાય કરવામાં આવી રહ્યો છે. શિક્ષણ વિભાગે તા.૬ જાન્યુઆરીએ ભરતી મુદ્દે આપેલી ૨ જાહેરાતમાં ઓ.બી.સી. વર્ગના ઉમેદવારો માટે રાખેલી અનામત જગ્યાઓથી ભરતીમાં ચોક્કસ વર્ગની બાદબાકી કરવાનું કારસ્તાન હોવાના આક્ષેપ ઉમેદવારોમાંથી ઉઠ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગે ૫૦૯ના બદલે માત્ર ૧૮૧ બેઠકો ઓ.બી.સી. વર્ગ માટે અનામત રાખી હોવાથી રોષ વ્યાપ્યો છે.

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યા સહાયકની ભરતી માટે જાહેરાત બહાર પાડી છે. જેમાં ૧૮૯૫ ઉમેદવારોની ભરતી કરવાની છે. ૨૭ ટકા અનામત મુજબ ૫૦૯ બક્ષીપંચના ઉમેદવારોને ભરતીમાં તક મળવી જોઈએ પરંતુ ૧૮૧ જગ્યાઓ ઓ.બી.સી. અનામત વર્ગને ફાળવવામાં આવતાં ઉત્તર ગુજરાતના ઓ.બી.સી. વર્ગના વિદ્યા સહાયક ઉમેદવારોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. જ્યારે પ્રસિદ્ધ કરાયેલી જાહેરાતમાં ફોર્મ ભરવાની અલગ અલગ તારીખના લીધે પણ બક્ષીપંચના ઉમેદવારોને હોંશિયામાં ધકેલવામાં આવતા હોવાનો આરોપ લાગ્યો છે. ૨ જાહેરાતોની અલગ અલગ તારીખના કારણે ફોર્મ ભરાયા પછી મેરીટ યાદી પણ અલગ તૈયાર થતી હોવાથી અનામત કેટેગરીના ઉમેદવારોની બાદબાકી થાય તેમ હોવાથી કેટલાક ઓ.બી.સી. વર્ગના સંગઠન દ્વારા આ મુદ્દે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ડીસાના ભોપાનગર પાસે જીપડાલા અને એક્ટિવા ટકરાતા એકનું મોત

ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ત્રણને ઇજા

ડીસા, તા. ૯

બનાસકાંઠાના ડીસા પંથકમાં અકસ્માતોની સખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. છાસવારે થતા અકસ્માતમાં અનેક આશાસ્પદ માનવ જીદગીઓ મોતના મુખમાં ધકેલાઈ રહી છે ત્યારે ડીસાના ભોપાનગર નજીક સોમવારે રાત્રીના સુમારે એક્ટિવા અને જીપડાલા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવકનું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય ત્રણ યુવકને ઇજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની વિગત અનુસાર ભીલડી ખાતે રહેતા સમીરભાઈ રંજનભાઈ સિંધી અને કિફાયતુલા ઘાસુરા સોમવારે રાત્રીના સુમારે પોતાનું એક્ટિવા (નમ્બર જી જે ૦૮ બી ડી ૪૮૬૫) લઈ અનાજ માર્કેટથી જુનાડીસા તરફ આવવા નીકળ્યા હતા. તે દરમિયાન સામે થી પુરપાટ ઝડપે આવતા પિકઅપ ડાલા (નમ્બર જી જે ૦૮ એ યુ ૪૭૫૩) ના ચાલકે રોંગ સાઈડમાં ગફલત ભર્યું ડ્રાઈવિંગ કરી એક્ટિવા સાથે અકસ્માત સર્જ્યો હતો જેમાં એક્ટિવા ચાલક સમીરભાઈ રમજાનભાઈ સિંધી (ઉંમર ૨૨) ને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર તેમનું મોત નીપજ્યું હતું જ્યારે એક્ટિવા પાછળ બેઠેલ કિફાયતુલા ઘાસુરાને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત મામલે મૃતક સમીરભાઈના ભાઈ સાહેબખાન સિંધીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધવાતા દક્ષિણ પોલીસે આ મામલે જીપડાલા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ,પાલનપુર દ્વારા વંસત પંચમીની ઉજવણી

પાલનપુર તા.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ,પાલનપુરના અધ્યક્ષ ડૉ.સુરેન્દ્ર ગુપ્તાના પ્રયત્નોથી શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ,પાલનપુર ખાતે વસંત પંચમી ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરુઆત પ્રાર્થના તેમજ દેવી સરસ્વતીના પૂજનથી કરવામાં આવી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મંચસ્થ મહાનુભાવોનું મોતીમાળાથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત પ્રવચન કરતાં ડૉ.સુરેન્દ્ર ગુપ્તાએ મુખ્ય વક્તા ગિરધારી ગેહાની,આમંત્રિત મહેમાન પારસભાઈ પઢિયારનો પરિચય કરાવ્યો. ડૉ.સુરેન્દ્ર ગુપ્તાએ પોતાની કવિતાઓનો રસાસ્વાદ કરાવ્યો. આજના સમયમાં રાજકારણ પર કટાક્ષ કરતાં ’નાળીયેર ખોરુ છે.’ રજૂ કર્યું. પારસભાઈ પઢિયારે પ્રસંગને અનુરૂપ બૌધ્ધિક પ્રવચન આપ્યું. મુખ્ય વક્તા ગિરધારી ગેહાનીએ દુલા ભાયા કાગનો પરિચય આપી, એમની રચના ’ઊડી જાઓ પંખી પાખોં વાળા’નો રસાસ્વાદ કરાવ્યો. આજના સમયને અનરુપ આજે પણ આ કાવ્ય હૃદયસ્પર્શી બન્યું છે.આ પ્રસંગે સંરક્ષક ડૉ.ગૌતમકુમાર પરમાર,કારોબારી સદસ્ય નરેશભાઈ ચૌહાણ(દિવ્ય ભાસ્કર) તથા સુરેન્દ્રભાઈ જાદવ પણ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ.ભારમલ પટેલે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમની સફળતાનો શ્રેય ડૉ.સુરેન્દ્ર ગુપ્તાને જાય છે. સ્વામીનારાયણ ગુરુકુળના સંચાલક પરમ પૂજ્ય શ્રી રંગ સ્વામી જી તેમજ સંસ્થાનાં સમગ્ર કર્મચારી ગણ, વિદ્યાર્થિઓનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

રક્તદાન
મહાદાન